ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૦૮.૦૪.૨૦૧૯

**"સંકલ્પિત ભારત - સશક્ત ભારત"ના ધ્યેયવચન સાથેના ભાજપાના સંકલ્પપત્રને આવકારતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ભાજપાના "ભારત કે મન કી બાત" કાર્યક્રમ દ્વારા દેશભરમાંથી મળેલા સૂચનો અને પ્રતિભાવોનો સમાવેશ કરીને જનજનની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા માટેનું સંકલ્પપત્ર - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**રાષ્ટ્રવાદ એ અમારી પ્રેરણા છે, અંત્યોદય એ અમારું દર્શન અને સુશાસન અમારો મંત્ર છે, આમ આ મૂળ મંત્રને સાચા અર્થમાં પ્રતિબિંબિત કરતું અમારું સંકલ્પ પત્ર "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના નિર્માણ માટેનો રોડમેપ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**જમ્મુ-કાશ્મીરમાં ૩૫એ કલમ ખતમ કરવાની અને ૩૭૦ની કલમ રદ કરવાની પ્રતિબધ્ધતા ભાજપાએ દાખવી છે.**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ભારતના ઈતિહાસમાં પ્રથમવાર "જળશક્તિ મંત્રાલય"ની સ્થાપના કરવાની કટિબધ્ધતા આ સંકલ્પપત્રમાં વ્યક્ત કરીને શ્રી નરેન્દ્રભાઇ મોદીની દૂરંદેશીતા જોવા મળે છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ભારતને સમૃદ્ધ બનાવવા, લોકતાંત્રિક મૂલ્યોને પ્રોત્સાહિત કરવા, "વન નેશન - વન ડાયરેક્શન"ની નેમ સાથે ગુડ ગવર્નન્સ, ઈ-ગવર્નન્સ, ઈઝી ગવર્નન્સ અને ટ્રાન્સફોર્મેશનના આધારે માનવસૂચકાંકને નજરમાં રાખીને દેશ માટે શું કરી શકાય તે આધારે આ સંકલ્પ પત્ર પ્રજા સમક્ષ મૂકવામાં આવ્યું છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ ૬૦ વર્ષની આયુ બાદ તમામ કિસાનોને પેન્શન એ ભાજપા દ્વારા અંત્યોદયના વિચારને મુર્તિમંત કરવાનો પ્રયાસ છે સાથે સાથે નાના વેપારીઓને પણ પેન્શન હેઠળ આવરી લઈને સામાન્ય માનવીના સશક્તિકરણનો પ્રયાસ આ સંકલ્પપત્રમાં જોવા મળે છે**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ભારતીય જનતા પાર્ટીએ સંવિધાનની મર્યાદામાં રહીને કોર્ટના આદેશ દ્વારા અથવા બહારથી અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના નિર્માણ માટે કટિબધ્ધતા આ સંકલ્પપત્રમાં વ્યક્ત કરી છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**નાના અને સીમાંત ખેડુતો માટે એક લાખ રૂપિયાની કૃષિલોન પાંચ વર્ષ માટે વિના વ્યાજે આપવાની જોગવાઇ આ સંકલ્પપ્રત્રમાં કરવામાં આવી છે.**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ આજરોજ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુ કે, આજે લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ તથા કેન્દ્રીય મંત્રીશ્રીઓ શ્રી રાજનાથસિહજી, શ્રી સુષ્મા સ્વરાજજી અને શ્રી અરુણ જેટલીજીની પ્રેરક ઉપસ્થિતિમાં જે સંકલ્પપત્ર દેશ સમક્ષ રજુ કરવામાં આવ્યુ છે તેનું હું સ્વાગત કરું છુ.

આ સંકલ્પપત્ર ભાજપાના "ભારત કે મન કી બાત" કાર્યક્રમ દ્વારા દેશભરમાંથી મળેલા સૂચનો અને પ્રતિભાવોનો સમાવેશ કરીને જનજનની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા માટેનું સંકલ્પપત્ર છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આગામી દિવસોમાં સરકાર કેવી રીતે કામ કરશે ? તે જાણવા માટે ભાજપા દ્વારા ભારત કે મન કી બાત મન કી બાત મોદી કે સાથ કાર્યક્રમ અંતર્ગત જનતાની અપેક્ષાઓ સૂચનો મેળવવા માટે દેશભરમાં ૩૦૦ રથ અને ૭૭૦૦ સૂચન પેટીઓ, તેમજ સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ દ્વારા દરેક ક્ષેત્રના લોકો પોતાની રજૂઆત કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી અને સૂચનો એકત્રિત કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં પણ ૨૬ રથ અને સૂચન પેટીઓ મૂકી જનતાનું મન જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રવાદ એ અમારી પ્રેરણા છે, અંત્યોદય એ અમારું દર્શન અને સુશાસન અમારો મંત્ર છે, આમ આ મૂળ મંત્રને સાચા અર્થમાં પ્રતિબિંબિત કરતું અમારું સંકલ્પ પત્ર "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના નિર્માણ માટેનો રોડમેપ છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સુશાસનની શરૂઆત કરી જેને સમગ્ર દેશ અને દુનિયાને સ્વીકાર્યુ છે. છેલ્લા પાંચ વર્ષમાં અનેકવિધ ઐતિહાસિક કાર્ય કરવામાં આવ્યા છે. આજે વિશ્વમાં પાણી અને પાણીના સ્ત્રોત એ સૌથી મોટી સમસ્યા છે ત્યારે ભવિષ્યમાં આ સમસ્યાના ઉકેલ માટે ભારતના ઈતિહાસમાં પ્રથમવાર "જળશક્તિ મંત્રાલય"ની સ્થાપના કરવાની કટિબધ્ધતા વ્યક્ત કરવામાં આવી છે, જે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની દૂરંદેશીતા દર્શાવે છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




ભારતને નવમા નંબરે થી કૂદકો લગાવીને અર્થવ્યવસ્થાના ક્રમાંકમાં છઠ્ઠા નંબર સુધી પહોંચાડવાનું ભગીરથ અને ચેલેન્જીંગ કાર્ય શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વએ કરી બતાવ્યું છે. ત્યારે ૨૦૨૨ સુધીમાં ભારતના અર્થતંત્રને વિશ્વમાં ત્રીજી અર્થવ્યવસ્થાના સ્થાને પહોંચાડવાની નેમ આ સંકલ્પપત્રમાં વ્યક્ત કરવામાં આવી છે. આગામી સમયમાં ભારત મહાસત્તા તરફ આગળ વધે, દુનિયાનું ધ્યાન ભારત તરફ રહે, દુનિયાએ ભારતની નોંધ લેવી પડે એ પ્રકારનું શાસન "સબકા સાથ સબકા વિકાસ"ના મંત્રની સાથે નરેન્દ્રભાઇ મોદી કરવાના છે. આરક્ષિત સમાજના વર્ગોના આરક્ષણને છેડછાડ કર્યા વગર આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશમાં જનરલ કેટેગરીમાં આવતી આર્થિક રીતે પછાત જનતાને દસ ટકા આર્થિક અનામત આપવાનું કાર્ય કર્યું છે. કોંગ્રેસ તેના વર્ષના શાસનમાં ગામડામાં શૌચાલય પણ બનાવી નહોતી શકી. ગામડામાં રહેતી દેશની માતાઓ-બહેનોને શૌચાલય બનાવી આપીને નરેન્દ્રભાઇએ માતાઓ બહેનોનું સન્માન જાળવવા માટે ખૂબ જ અગત્યનું કાર્ય કર્યું છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ ૬૦ વર્ષની આયુ બાદ તમામ કિસાનોને પેન્શન એ ભાજપા દ્વારા અંત્યોદયના વિચારને મુર્તિમંત કરવાનો પ્રયાસ છે સાથે સાથે નાના વેપારીઓને પણ પેન્શન હેઠળ આવરી લઇને સામાન્ય માનવીના સશક્તિકરણનો પ્રયાસ આ સંકલ્પપત્રમાં જોવા મળે છે. અત્યાર સુધીની વિકાસયાત્રા અને આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને સુશાસનની સંકલ્પના હાથ ધરવામાં આવી હતી. વર્તમાન સંકલ્પપત્રમાં સામાન્ય માનવીની આકાંક્ષાઓને ધ્યાનમાં લઇને શું કરી શકાય ? તે બાબતને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી છે.

ભાજપાએ રામને હંમેશા આસ્થા અને શ્રદ્ધાથી જોયા છે જ્યારે કોંગ્રેસ રામસેતુનું અસ્તિત્વ નથી, ભગવાન રામ કાલ્પનિક છે જેવી એફિડેવિટ કરે છે અને દેશની કરોડોની જનતાની આસ્થાને ઠેસ પહોંચાડવાનું કાર્ય કરે છે. આ કોંગ્રેસ પાર્ટીના નેતાઓ સુપ્રીમ કોર્ટમાં રામમંદિરના વિરોધના કેસ લડે છે અને ૨૦૧૯ની ચૂંટણી સુધી સુનાવણી ટાળવાની કોશિશ કરે છે. ભારતીય જનતા પાર્ટીએ સંવિધાનની મર્યાદામાં રહીને અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના નિર્માણ માટે કટિબધ્ધતા આ સંકલ્પપત્રમાં વ્યક્ત કરી છે.

ભારતને સમૃદ્ધ બનાવવા, લોકતાંત્રિક મૂલ્યોને પ્રોત્સાહિત કરવા, "વન નેશન - વન ડાયરેક્શન"ની નેમ સાથે ગુડ ગવર્નન્સ, ઈ-ગવર્નન્સ, ઇઝી ગવર્નન્સ અને ટ્રાન્સફોરમેશનના આધારે માનવસૂચકાંકને નજરમાં રાખીને દેશ માટે શું કરી શકાય તે આધારે આ સંકલ્પ પત્ર પ્રજા સમક્ષ મૂકવામાં આવ્યું છે. સુરક્ષા ક્ષેત્રે આધુનિક ટેકનોલોજી, લેટેસ્ટ ઉપકરણો, "મેક ઇન ઇન્ડિયા" અંતર્ગત સ્વદેશી મેન્યુફેક્ચરિંગ, પૂર્વોત્તર રાજ્યોમાં અવૈદ્ય ઘૂસણખોરી રોકવી, જમ્મુ-કાશ્મીરમાં ૩૫એ કલમ ખતમ કરવાની અને ૩૭૦ની કલમ રદ કરવાની પ્રતિબધ્ધતા ભાજપાએ દાખવી છે. આ ઉપરાંત ખેડુતો માટે પેન્શનની યોજના, કિસાન સન્માન નિધિ અંતર્ગત દર વર્ષે ૭૫૦૦૦ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવશે. નાના અને સીમાંત ખેડુતો માટે એક લાખ રૂપિયાની કૃષિલોન પાંચ વર્ષ માટે વિના વ્યાજે આપવાની જોગવાઇ આ સંકલ્પપ્રત્રમાં કરવામાં આવી છે. ગુજરાતમાં શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારમાં ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે લોન આપવાની યોજના જાહેર થઈ ચૂકી છે.

મહિલાઓના સશક્તિકરણ માટે શિક્ષણ ક્ષેત્રે આર્થિક સહાય લઘુ ઉદ્યોગો કે જેમાં મહિલાઓની ૫૦ ટકા ભાગીદારી હોય તેમાં સરકારની વિશેષ સહાય સંસદ તેમજ વિધાનસભામાં ૩૩ ટકા મહિલા આરક્ષણની જોગવાઈ જેવા અનેક અગત્યના કાર્યો કરવાની કટિબદ્ધતા ભાજપાએ દર્શાવી છે. અર્થતંત્રની ગાડી પુરપાટ ઝડપે દોડાવવા માટે નીતિ આયોગની જેમજ રાષ્ટ્રીય વ્યાપાર આયોગ બનાવવામાં આવશે. આપણે સૌ જાણીએ છીએ કે જળ એ જ જીવન છે, પાણીના સંગ્રહ અને સંવર્ધન માટે જળશક્તિ મંત્રાલયનું ગઠન કરવામાં આવશે. ખેલ જગત ક્ષેત્રે યુવાઓ માટે ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે, સહકારી ક્ષેત્રે, ઉર્જા ક્ષેત્રે, રેલવે વિભાગ ક્ષેત્રે, હવાઇ અડ્ડાઓના આધુનિકીકરણના ક્ષેત્રે શ્રેષ્ઠ ભારત બને તેના માટેની પ્રતિબદ્ધતા દાખવવામાં આવી છે. સમગ્ર દેશની જનતાની અપેક્ષા મહેચ્છાને અનુલક્ષીને નવી પેઢીના સપનાનું ભારત બનાવવા માટે શ્રી નરેન્દ્ર ભાઈ મોદી પ્રતિબદ્ધ છે. આ પ્રજાલક્ષી સંકલ્પ પત્રમાં ગ્રામીણ ક્ષેત્રે યોજના વિકાસ અને રોજગારી માટે ૨૫ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. "ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ"ના ક્રમાંકમાં ૭૭માં ક્રમાંક થી હજુ પણ આગળ મોટી છલાંગ મારવા માટેના મહત્વના પગલાં લેવાની વાત પણ આ સંકલ્પપત્રમાં કરવામાં આવી છે.

ભાજપા ફક્ત મત મેળવવા માટે કે વોટબેંકની રાજનીતિ કરવા માટે લોભામણી જાહેરાતો નથી કરતી, પરંતુ હકીકતમાં દેશ માટે જે થઈ શકે છે, દેશ ઝડપથી વિકાસ પથ પર આગળ વધી શકે "સબકા સાથ સબકા વિકાસ"નો આત્મસાત કરીને દેશ આગળ વધી શકે તેના માટે સંકલ્પપત્રની જાહેરાત કરે છે. દરેક રાજનૈતિક પાર્ટી નેતૃત્વના આધારે ચાલતી હોય છે. નેતૃત્વ પાર્ટીને તથા દેશને આગળ લઈ જાય છે. આજે શ્રી નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ સમગ્ર દેશ તથા દુનિયામાં સર્વ સ્વીકૃતિ પામી ચૂક્યું છે.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, ભાજપાએ ભૂતકાળમાં જે પણ કીધું છે તે ભાજપાની કેન્દ્ર અને રાજ્ય સરકારોએ કરી બતાવ્યું છે. પૂર્ણ નિષ્ઠા અને પ્રમાણિકતાથી જનહિતના કાર્યો કર્યા છે ત્યારે આગામી સમયમાં પણ નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં "ફીર એકબાર મોદી સરકાર"ના નિર્માણ પછી આ સંકલ્પપત્રમાં સમાવિષ્ટ દરેક બાબતોને જમીની હકીકત બનાવવાનું કાર્ય આપણા શ્રી નરેન્દ્ર ભાઇ મોદી કરશે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. ૨૧મી સદી એશિયાની સદી છે આથી ભારતે તેમાં નેતૃત્વ કરવું જરૂરી બને છે અને આ બાબતને માત્રને માત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીના નવા ભારતની પરિકલ્પના થકી જ સાર્થક કરી શકાશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૮.૦૪.૨૦૧૯

-----------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૦૯ એપ્રિલ, ૨૦૧૯ના રોજ પ્રભારીશ્રી ઓમ માથુરજી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા ગુજરાતમાં વિવિધ લોકસભા ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર રાઉન્ડ દરમ્યાન જાહેર સભાઓ તથા કાર્યકર્તા સંમેલનોને સંબોધશે.

## ગુજરાતના લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમ માથુરજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૯.૦૪.૨૦૧૯ મંગળવાર | સવારે ૧૦.૩૦ કલાકે | **કચ્છ લોકસભા સીટ** કાર્યકર્તાઓ સાથે બેઠક - ભુજ |
| | બપોરે ૦૧.૪૫ કલાકે | **અમરેલી લોકસભા સીટ** કાર્યકર્તાઓ સાથે બેઠક - અમરેલી |
| | બપોરે ૦૫.૩૦ કલાકે | **રાજકોટ લોકસભા સીટ** કાર્યકર્તાઓ સાથે બેઠક - રાજકોટ |

## ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૯.૦૪.૦૨૧૯ મંગળવાર | સવારે ૧૦.૦૦ કલાકે | **વલસાડ લોકસભા સીટ** કાર્યકર્તા સંમેલન<br>સીનીયર સીટીઝન હોલ-વાપી |
| | સવારે ૧૧.૩૦ કલાકે | **વલસાડ લોકસભા સીટ** લોકસંપર્ક રાઉન્ડ<br>સુખેસ ગામ |
| | સાંજે ૦૫.૦૦ કલાકે | **નવસારી લોકસભા સીટ** લોકસંપર્ક રાઉન્ડ<br>બીલીમોરા |

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૯.૦૪.૦૨૦૧૯ મંગળવાર | સાંજે ૦૩.૩૦ કલાકે | **છોટાઉદેપુર લોકસભા સીટ**<br>ડભોઇ ખાતે જાહેર સભા<br>સ્થળ - કૌમુદી હોલ ગ્રાઉન્ડ, એસ.ટી.ડેપો નજીક, ડભોઇ |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | **ભરૂચ લોકસભા સીટ (જંબુસર વિધાનસભા)**<br>ટંકારી ભાગોર ખાતે જાહેર સભા<br>સ્થળ - નવયુગ સ્કુલ કમ્પાઉન્ડ, ટંકારી ભાગોર, |

## કેન્દ્રિયમંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૯.૦૪.૨૦૧૯ મંગળવાર | સવારે ૦૯.૩૦ કલાકે | **બનાસકાંઠા લોકસભા સીટ**<br>ધાનેરા ખાતે જાહેર સભા, સ્થળ- લાલચોક, ધાનેરા |
| | સવારે ૧૧.૦૦ કલાકે | **બનાસકાંઠા લોકસભા સીટ**<br>લાખણી ખાતે જાહેર સભા, સ્થળ- ગગદાસભાઇ રામભાઇ પટેલ ફાર્મ, બસસ્ટેન્ડ નજીક |
| | સાંજે ૦૪.૦૦ કલાકે | **પાટણ લોકસભા સીટ**<br>થરા ખાતે જાહેર સભા, સ્થળ- શીશુમંદિર સામે, તના રોડ |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | **પાટણ લોકસભા સીટ**<br>સિધ્ધપુર ખાતે જાહેર સભા, સ્થળ- સનપ્લાઝા કોમ્પ્લેક્ષ, હાઇવે. |
| | સાંજે ૦૮.૦૦ કલાકે | **પાટણ લોકસભા સીટ**<br>પાટણ ખાતે જાહેર સભા, સ્થળ- જુના ગંજ બજાર |

## પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૯.૦૪.૨૦૧૯ મંગળવાર | સવારે ૧૦.૩૦ કલાકે | **કચ્છ લોકસભા સીટ** કાર્યકર્તાઓ સાથે બેઠક - ભુજ |
| | બપોરે ૦૧.૪૫ કલાકે | **અમરેલી લોકસભા સીટ** કાર્યકર્તાઓ સાથે બેઠક - અમરેલી |
| | બપોરે ૦૫.૩૦ કલાકે | **રાજકોટ લોકસભા સીટ** કાર્યકર્તાઓ સાથે બેઠક - રાજકોટ |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ